Date :- 01-01-2024
Divya Bhaskar, Page-03, Surat

# સુરત ફ્રંટ પેજ

# આરંભ 2024




નવા વર્ષમાં 8 કિમીના રૂટ પર મેટ્રોની ટ્રાયલ થશે ત્યારે કંઇક આવું દશ્ય ઉભું થશે. ફોટો સુપર ઇમ્પોઝ કરીને બનાવેલી ભટાર રૂટની તસવીર.

## મેટ્રોમાં ડ્રીમ સિટી-ભટાર વચ્ચે 40% કામગીરી પૂર્ણ

સુરતઃ શહેરમાં નવા વર્ષમાં લોકોની વિકાસની નવી આશાઓ પૂર્ણ થવા જઇ રહી છે. જે પૈકી મેગા ટ્રાન્સ્પોર્ટેશન માટે મહત્વાકાંક્ષી મેટ્રો રેલ લાઇન-1 ડ્રીમ સિટીથી કાપોદ્રા સુધીના 18.6 કિમી લાંબા પ્રાયોરિટી કોરિડોર તૈયાર થઇ જશે. આ રૂટ પર 11 કિમી લાંબા એલિવેટેડ અને 7 કિમી અન્ડરગ્રાઉન્ડ રૂટ સામેલ છે, જ્યાં ડિસેમ્બર સુધીમાં ટ્રેન દોડાવવાનો લક્ષ્યાંક છે. આ પૈકી ડ્રીમ સિટીથી ભટાર સુધીના આશરે 8 કિમી રૂટ પર સૌપ્રથમ ટ્રાયલ રન કરાશે. અહીં 40 ટકા કામ પૂર્ણ થઈ ગયું છે. 30 મહિનામાં લાઇન-1 પૂર્ણ કરવાની અવધિ હતી. • રિતેશ પટેલ

**■ હીરાબુર્સની કનેક્ટિવિટી વધશે** | ડિસેમ્બરમાં ટ્રાયલ રન કરવાની તૈયારી છે. જેમાં 14 એલિવેટેડ સ્ટેશન અને 6 અન્ડરગ્રાઉન્ડ સ્ટેશનનું કામ ચાલુ છે. મેટ્રોને કારણે હીરાબુર્સને નવી કનેક્ટિવિટી મળશે. 24 મેટ્રો ટ્રેન સેટ મંગાવવાની તૈયારી પૂર્ણ કરાઇ છે. સુરત મેટ્રો માટે કુલ 72 કોચ મેળવવા 857 કરોડનો ઓર્ડર આપી દેવાયો છે.

**નવા વર્ષની નવાજૂની** એરપોર્ટ પર 5 ગેટ, 9 લેન, 40 કાઉન્ટર, 12 સિક્યુરિટી મશીન, 20 ઇમિગ્રેશન કાઉન્ટર થઇ જશે

# આ વર્ષે 8 કિમીમાં મેટ્રોની ટ્રાયલ, 2 નવા બ્રિજ, સ્મીમેરમાં નવા બ્લોક સિવિલમાં કેન્સર હોસ્પિટલ, નવી APMC સહિતના પ્રોજક્ટ મળશે

સુરત : 2024ના નવા વર્ષમાં સુરતીઓને નાના-મોટા એક ડઝનથી વધુ નવા પ્રોજેક્ટનો લાભ મળતો થઈ જશે. ખાસ કરીને મેટ્રો ટ્રેનના ડ્રીમસિટીથી કાપોદ્રા રૂટ પર ભટાર સુધીના 8 કિમીના પટ્ટામાં વર્ષના અંત સુધીમાં ટ્રેનની ટ્રાયલ કરવાનો તંત્રનો દાવો છે. આ સાથે જ ઓલપાડથી સરોલીને જોતા નવા રેલવે ઓવર બ્રિજના પટ્ટાનું લોકાર્પણ કરાશે. ચોકના નવા કિલ્લામાં લાઇટ એન્ડ સાઉન્ડ સિસ્ટમનો ઉમેરો થતાં બંનેનો વિશેષ લાભ માણી શકાશે. લિંબાયત-નવાગામને જોડતો અંડર પાસ પણ શરૂ કરી દેવાશે. આ ઉપરાંત ટેક્સટાઇલ માર્કેટ, ડ્રીમ સિટી, લસકાણામાં નવા પોલીસ મથક શરૂ કરાશે તેમજ સિવિલમાં નવી કેન્સર હોસ્પિટલ તો સ્મીમેરમાં બે નવા બ્લોકનો લાભ પણ મળશે.